ગાંધીનગર સમાચાર


**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૭ ટકા

# જિલ્લામાં ૨૩ નાગરીકો દોરીથી ઘવાયા : ૬ ધાબા પરથી પડ્યા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં ઉતરાયણ પર્વને લઈ ૧૦૮ ની સેવા સતત દોડતી નજરે પડી હતી. ઉતરાયણ પર્વમાં ગળાના ભાગે દોરી આવી જતા ટુ-વ્હીલર વાહનચાલકોને જીવનું ઝોખમ ઉભુ થવા પામે છે. ત્યારે ઉતરાયણના દિવસોમાં ગાંધીનગર શહેર-જિલ્લામાં ૨૩ નાગરીકોને દોરીથી સામાન્ય ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલમાં સારવારમાં આપવામાં આવી હતી. જયારે જિલ્લામાંથી ૬ પતંગ રસિકો નીચે પટકાયા હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે સામાન્ય દિવસો કરતા તહેવારના દિવસોમાં ૧૦૮ની કામગીરી ડબલ થઈ જતી હોય છે.

ઉતરાયણ પર્વમાં પતંગ રસિકોને મઝા પડી જતી હોય છે. પતંગ રસિયાઓ સવારથી જ ધાબા પર ચડી જતા હોય છે અને રંગબેરંગી વિવિધ પતંગો ચગાવાની મોજ માણતા હોય છે. પરંતુ આ પતંગની મજા અન્ય વ્યકિત માટે સજા બની જતી હોય છે. કપાયેલી દોરી માર્ગ વચાળે આવી જતા વાહન લઈને જતા દ્રીચક્રી વાહન ચાલક માટે મોત સમાન બની જવા પામે છે. ઉતરાયણ પર્વને ધ્યાને લઈ તંત્ર દ્વારા પણ વિવિધ સુચનાઓ આપવામાં આવે છે. તેમ છતા કેટલાક વાહનચાલકો અચાનક પતંગની દોરી ગળાના ભાગે ખોવાનો પણ વારો આવે છે.તેવી





છે તેમજ બાઈક આગળ લગાવવામાં આવતા સેફટી ગાર્ડથી બચી શકાય સેફટી પરવા કયા વિના ધુમ સ્પીડે બાઈક હંકારતા નજરે પડે છે. ત્યારે આવી જતા વાહનચાલકને ઈજા પહોંચે છે ઘણા બનાવમાં જીવ સ્થિતિમાં ઉતરાયણ પર્વમાં ગાંધીનગર શહેરમાં વિવિધ માર્ગો અને સેકટરોના આંતરીક માર્ગો પરથી પસાર થતા વાહનચાલકોને ગળાના ભાગે દોરીના ઘસરકા આવી જતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લાવવામાં આવ્યા હતા. જેમાં સામાન્ય ઈજા પહોંચેલા દર્દીઓને ઓપીડી સારવાર આપી ઘરે જવા રજા આપી હતી. જયારે બનાવમાં પતંગ રસિયાઓએ પતંગ ચગાવવાની મોજ વખતે ધાબા, પતરા, કે ઝાડ પરથી પતંગ લેવા જતી વખતે નીચે પડી ન જવાય તેની ખાસ તકેદારી રાખવાની હોય છે. પરંતુ પતંગ ચગાવવામાં મશગુલ આવા ૬ નાગરીકો ગાંધીનગર જિલ્લામાં ધાબા પરથી તેમજ પતરા પડથી પડ્યા હોવાનું સામે આવ્યું છે. જયારે માર્ગ પર જઈ રહેલા બાઈક સવારોને ગળાના ભાગે દોરી વાગતા ઘસરકા થયા હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. આ તમામ દર્દીઓને ૧૦૮ દ્વારા તુરંત સિવિલ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા. તહેવારોમાં ૧૦૮ની કામગીરી પ્રસંશનીય બની જવા પામે છે. સામાન્ય દિવસો કરતા તહેવારના સમયે કોલમાં પણ વધારો જોવા મળે છે. ઉતરાયણ પર્વમાં ૨૩ નાગરીકોને દોરીથી ઘવાયા છે જયારે ૬ નાગરીકો ધાબા પરથી પટકાયા હોવાનું પણ જાણવા મળયુ છે.

# સરગાસણ મારૂતિ આમ્રકુંજ ફલેટના બંધ મકાનમાંથી ૪.૨૧ લાખની ચોરી

## પરિવાર ઉતરાયણ કરવા પાલનપુર ગયો હતો, ત્યારે તસ્કરોએ હાથફેરો કર્યો

ગાંધીનગર, તા.૧૫

ન્યુ ગાંધીનગર શહેરી વિસ્તારમાં આવેલ સરગાસણ સ્થિત મારુતિ આમ્રકુંજ ના બંધ ફેલટના દરવાજાનો નકુચો તોડીને અંદર પ્રવેશી તિજોરી વેર-વિખેર કરીને રોકડ રૂ. ૩૩ હજાર અને સોના ચાંદીના દાગીના મળીને કુલ રૂ. ૪.૨૧ લાખની મત્તા ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ વિસ્તારમાં આવેલ મારુતિ આમ્રકુંજ ફલેટમાં રહેતા રજનીકાંતભાઈ રામજીભાઈ ચૌહાણ ઉતરાયણની ઉજવણી કરવા ગત્ તા.૧૩ ના રોજ સાંજના સુમારે ૫.૩૦ કલાકે પાલનપુર ખાતે રહેતા પોતાના સાઢુ ભાઈને ત્યાં પરિવાર સાથે જવા રવાના થયા હતા. તા.૧૪ ના રોજ ઉતરાયણની ઉજવણી કરીને રજનીકાંતભાઈ પોતાના પરિવાર સાથે રાતે ઘરે પરત ફર્યા હતા. ત્યારે ઘરનો નકુચો તુટેલો જોતા તેઓ ચોંકી ઉઠ્યા હતા, ઘરમાં અંદર પ્રવેશી તેઓએ જોયું તો ઘરના બંન્ને રુમમાં રહેલ તિજોરીનો સામાન વેર-વિખેર પડ્યો હતો. તેઓએ ઘરમાં તપાસ કરતા ચોર ઈસમોએ રોકડ રૂ.૩૩ હજાર તેમજ સોના ચાંદીના દાગીના મળીને કુલ રૂ.૪.૨૧ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. સરગાસણ જેવા નવવિકસીત વિસ્તારમાં ચોરીની ઘટના બનતા હાહાકાર મચી જવા પામી છે. સરગાસણ વિસ્તારમાં આવેલા ફેલટ અને સોસાયટીના મકાનોની સલામતી માટે સીસીટીવી કેમેરા અને સિક્યુરીટીના જવાનો ખડેપગે હાજર હોય છે તેમ છતા ચોર ઈસમો સરળતાથી ચોરી કરી પલાયન થઈ જાય છે તે પણ નવાઈની વાત છે. ત્યારે ચોરીની ઘટનાને પગલે રહીશોમાં ભય પ્રસરી જવા પામ્યો છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસ ઈન્સ્પેકટર જે.બી.પંડિતે ચોર ઈસમોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### લેન્ડમાર્કના બંધ મકાનમાંથી ૩૩ હજારનો હાથફેરો

ગાંધીનગર શહેરના સરગાસણ વિસ્તારમાં આવલે લેન્ડમાર્ક ફલેટમાં રહેતા રહીશ નૈતિકભાઈ કૌશિકભાઈ મહેતાના ઘરનો નકુચો તોડીને ઘરમાં અંદર પ્રવેશી સામાન વેર-વિખેર કરીને ૨૫ હજાર રોકડ રૂપીયા તેમજ ૫ હજારની અન્ય ચીજવસ્તુઓની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ આદરી છે. ત્યારે ચોરી કરવા ચોર ઈસમો માટે શહેર જાણે સોફટ ટાર્ગેટ બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. પોલીસના સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ તસ્કરો એક પછી એક ચોરીને અંજામ આપી પોલીસને ચેલેન્જ આપતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે નવવિકસીત વિસ્તારમાં એક પછી એક ચોરી થતા રહીશોમાં ફફળાટ ફેલાયો છે.

# પેથાપુરમાં બુટલેગરનો પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આવેલ પેથાપુર ગામના બળીયાદેવ નાળીયા પાસે પેટ્રોલીંગ કરતી પોલીસ પર બુટલેગરોએ હુમલો કરતા ચકચાર મચી જવા પામી હતી. સ્ટેલી નામના બુટલેગરે પોલીસ પર હુમલો કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ હુમલા દરમિયાન એક પોલીસ કોન્સ્ટેબલનો મોઢાના ભાગે મુક્કાબાજી કરી એક મોબાઈલ ફોનની લુંટ કરી લીધી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ બનાવ સંદર્ભે પેથાપુર પોલીસે ગુનોં નોંધી ફરાર બુટલેગર અને તેના સાગરીતોની તપાસ હાથ ધરી છે.

શહેરમાં બુટલેગરો બેખૌફ બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. નાગરીકોની સુરક્ષા અને સલામતીની જવાબદારી નિભાવતી પોલીસ જ અસુરક્ષીત હોય તેવું આ ઘટનાથી લાગી રહ્યું છે. ત્યારે પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઉતરાયણ પર્વને ધ્યાનો લઈ પેથાપુરમાં પોલીસના બે જવાન પોલીસ કોન્સ્ટેબલ માધવસિંહ મહેન્દ્રસિંહ અને હે.કો. ભરતભાઈ મણાભાઈ પેટ્રોલીંગ હતા તે દરમિયાન મોડીસાંજે તેઓને બાતમી મળી હતી કે પેથાપુર બળીયાદેવ નાળીયા ખાતે રહેતા બુટલેગર શૈલેન્દ્રસિંહ ઉર્ફે સ્ટેલી શંકરસિંહ વાઘેલા સ્કોર્પીયો ગાડી નં-જીજે૧૮ ટીસી-૧૭ માં ગેરકાયદેસર વિદેશી દારુ લઈને પસાર થનાર છે. બાતમીને પગલે બંન્ને પોલીસ કર્મચારી મોટર સાયકલ લઈને તે તરફ જઈ રહ્યા હતા તે સમયે સામેથી જ સ્કોર્પીયો ગાડી જેની બાતમી મળી હતી તે જણાતા ગાડી રોકવા ઈશારો કર્યો હતો તે સમયે સ્કોર્પીયોના ચાલકે ગાડી ઉપર નાંખતા પોલીસ જવાનોએ પોતાનું બાઈક નીચે ઉતારી દીધુ હતું તે સમયે બાઈકની પાછળની સીટ પર બેઠેલા પોલીસ કોન્સ્ટેબલ માધવસિંહ મહેન્દ્રસિંહ નીચે પડી ગયા હતા. ત્યારબાદ ગાડી થોડી દુર ગાડી ઉભી રહી હતી અને પોલીસ કર્મચારી જવાન કંઈ સમજે કે વિચારે તે પહેલા ગાડીનો ચાલક શૈલેન્દ્રસિંહ ઉર્ફે સ્ટેલી શંકરસિંહ વાઘેલા, તેમજ પેથાપુર ગામના રાજેન્દ્રસિંહ ભીખુસિંહ તથા બીજો એક અજાણ્યા માણસ નીચે ઉતરીને આવ્યા હતા. જેમા શૈલેન્દ્રસિંહે પોલીસ કર્મચારીને મોઢાના ભાગે બે ફેંટ મારી હતી અને ત્રણેય વ્યકિતઓ જોરથી કહેવા લાગી હતી કે હવે પછી અમારી ગાડી રોકવાનો પ્રયત્ન કર્યો તો તમને પતાવી દઈશુ, તેમ અમને ઓળખતા નથી..પોલીસ મદદ માટે મોબાઈલ ફોન નીકાળતા તે પણ આ શખ્સો ઝુંટવીને લઈ ગયા હતા. આ ઘટના અંદાજીત સાંજના સુમારે બનતા સમગ્ર પેથાપુરમાં હાહાકાર મચી જવા પામી હતી. ત્યાર બનાવ અંગે અ.પો.કો. માધવસિંહ મહેન્દ્રસિંહ પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી આગળની તપાસ આદરી છે.

**@ગાંધીનગર**

● શ્રી કષ્ટભંજન ગોદડિયા મંદિર સુંદરધામ ખાતે પાટોત્સવમાં બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો અલગ અલગ મંડળ દ્વારા કરાશે.






શહેરના ઘ-૨ સર્કલ ખાતે સોડાની રેકડી ચલાવતા મહેન્દ્રભાઈ સોડાવાળાએ ગાય-શ્વાનના લાડુ નિમિતે દાન પેટી રાખી હતી. જેમાંથી રૂ.૧૦ હજારનો ફાળો એકત્ર થયો હતો. આ ફાળાની રકમમાંથી સોડાવાળા કાકાએ અંદાજીત ૧૫૦૦ જેટલા લાડુ બનાવી ઉતરાયણના દિવસે શ્વાન અને ગાયને ખવડાવી દાન-પુણ્ય કર્યું હતું. ઘ-૨ ખાતે ઉંધીયું-જલેબી લેવા આવનાર દરેક વ્યકિતને પેંકીગ કરીને પોતાના વિસ્તારના ગાય અને શ્વાન માટે લાડુ આપતા હતા. સવારથી બપોર સુધીમાં તમામ લાડુનું વિતરણ કરી દેવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેન્દ્રકાકાએ ઉદાર હાથે સેવા માટે દાન કરનાર તમામ વ્યકિતનો આભાર વ્યકત કર્યો હતો.

## પારૂલ ફાઉન્ડેશન દ્વારા જરૂરિયામંદોને વિતરણ

ઉત્તરાયણ પર્વ નિમિત્તે શહેરની સેવાભાવી સંસ્થા પારૂલ એસ. ફાઉન્ડેશન દ્વારા શહેરના જરૂરિયાતમંદ બાળકોને શેરડી, બોર, જામફળ, સફરજન, દાડમ અને જલેબી તેમજ બિસ્કીટ વગેરે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફાઉન્ડેશન પ્રમુખ સંજય ડોડીયા, મહામંત્રી નટવરસિંહ ચૌહાણ તેમજ સ્વયંસેવકો હાજર રહ્યા હતા.

# ઉત્તરાયણનો તહેવાર ગુજરાતની બ્રાન્ડ બની રહ્યો છે : વિજયભાઈ રૂપાણી

## ખાડિયા અને મણિનગરમાં નગરજનો વચ્ચે ઉત્તરાયણ પર્વ મનાવ્યો



ગાંધીનગર, તા.૧૫


મકરસંક્રાંતિના પાવન પર્વે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રજાજનોને મકરસંક્રાંતિ પર્વેની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, ઉત્તરાયણનો તહેવાર ગુજરાતની બ્રાન્ડ બની રહ્યો છે. નવરાત્રી સિવાયનો આ તહેવાર ગુજરાતનો મહત્વપૂર્ણ તહેવાર છે.

ખાડિયા અને મણિનગર વિસ્તારમાં મુખ્ય મંત્રીશ્રીએ પતંગ ચગાવી નગરજનોના ઉમંગ - ઉત્સાહમાં સહભાગી બની ઉત્તરાયણ પર્વ મનાવ્યો હતો. મુખ્ય મંત્રીશ્રીએ શુભેચ્છા પાઠવતાં કહ્યું કે, ઉત્તરાયણ ગુજરાતીઓનો પ્રિય તહેવાર છે. પતંગ આકાશને આંબે છે તેમ ગુજરાત પણ વિકાસની ઉંચાઈઓ સર કરશે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, સૂર્ય મકર રાશિમાં પ્રવેશતાં શુભ કાર્યોની શરૂઆત થશે. તે જ રીતે આવનારા દિવસો ગુજરાત માટે શુભ બની રહેશે.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, પતંગ ઉદ્યોગ દ્વારા ગુજરાતમાં મોટી રોજગારી ઉભી થાય છે. અમદાવાદ, વડોદરા, સુરત જેવા મોટા શહેરો સહિત સમગ્ર ગુજરાતમાં પતંગોત્સવ હર્ષોઉલ્લાસપૂર્વક ઉજવાય છે. યુવાનો માટે ઉત્તરાયણનો તહેવાર યાદગાર પ્રસંગ હોય છે.

ધારાસભ્ય શ્રી સુરેશભાઈ પટેલ, જાણીતા ફિલ્મ કલાકાર શ્રી મનોજભાઈ જોષી, સ્થાનિક કોર્પોરેટરો, નગરજનો મુખ્ય મંત્રીશ્રી સાથે ઉત્તરાયણ પર્વમાં સહભાગી થયા હતા.



# ચિલોડાના યુવાને ઘાયલ પક્ષીને બચાવ્યુ



ચિલોડા, તા.૧૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે પતંગ રસિયાઓએ ઉત્તરાયણના દિવસે મકાનના ધાબા પરથી વહેલી સવારથી પતંગ ઉત્સવ ઉજવણીની મોજ માણી હતી ત્યારે મંદ પવનની ગતિથી પતંગ રસિયાઓને નિરાશા સાંપડી હતી. પરંતુ બીજા દિવસો વાસી ઉત્તારાયણના દિવસો અનુકુળ પવનની ગતિથી પતંગરસિયાઓએ મનભેર પતંગોત્સવ માણયો હતો. ત્યાર બાદ ચિલોડા પતંગ બજારમાં પણ ખરીદી માટે ભારે ભીડ જામી હતી પરંતુ બજારમાં ચાઈનીઝ દોરીનું વેચાણ થતા લોકોમાં તે ચર્ચાનો વિષય બનયો હતો. આ ચાઈનીઝ દોરીથી જાહેર માર્ગ પર કેટલાક પક્ષીઓ ઘાયલ થવાના કિસ્સા બન્યા હતા. ચિલોડા ગામના ક્ષત્રિય સેનાના યુવાને ઘાતક દોરીથી ઘવાયેલ કબુતરના પક્ષીને બચાવવા સારવાર આપી જીવદયાનો ભાવ વ્યકત કર્યો હતો. ચિલોડા ખાતે જાહેરમાર્ગ પર પંતગ લૂંટવા માટે પણ પતંગ રસિયાઓએ ભારે હોડ જમાવી હતી. પરિણામે હાઈવે પર પસાર થતાં દ્વી ચક્રીવાહન ચાલકોને પણ ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. અમુક સ્થળે બાઈકચાલકોને સેફટીગાર્ડના અભાવે પતંગ દોરીથી અક્સ્માત થવાનો સંભવ રહેતા લોકોના જીવ પડીકે બંધાયા હતા.

# સાદરા-મોતીપુરા ખાતે બહેનના ઘરે પતંગ ઉડાડવા આવેલ ભાઈનું વીજ કરંટથી મોત



ચિલોડા, તા.૧૫

ગાંધીનગર તાલુકાના સાદરા-મોતીપુરા ગામે ઉત્તરાયણના દિવસે બપોરે બહેનના ઘરે પતંગ ઉડાડવા આવેલ સાબરકાંઠા જિલ્લાના તલોદ ગામના વતની કાળુસિંહ મગનસિંહ પરમાર ઉ.વ. ૧૩ મકાનના ધાબા પર પતંગ ચઢાવવા ચઢતાં જીવંત વીજ વાયર તૂટતાં કરંટ લાગતા ગંભીર રીતે ઘાયલ થતાં ઘટનાસ્થળે મોત નીપજયું હતું. આ અંગે ચિલોડા પોલિસ સ્ટેશનના જમાદાર અમૃતભાઈએ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### દુ:ખદ અવસાન

ધર્મેન્દ્ર આર. મહેતા (પત્રકાર)ના માતૃશ્રી ગં. સ્વ. કલાબેન આર. મહેતાનું તા. ૧૪-૧-૧૮ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું/સુંવાળુ તા. ૨૩-૧-૧૮ને મંગળવારના સવારે નવ વાગ્યાથી ગાંધીનગરની સેકટર-૨૩ની લગ્નવાડીમાં રાખેલ છે.

### ચિરવિદાય

- સ્વ. લસીબેન લીલાજી ઠાકોર, ઉ.વ. ૬૬
- સ્વ. રમેશભાઈ પ્રભાભાઈ દંતાણી, ઉ.વ. ૩૪
- સ્વ. શંકરજી વેલાજી ભીલ, ઉ.વ. ૪૬
- સ્વ. દશરથભાઈ શંકરભાઈ પટેલ, ઉ.વ. ૫૯